# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2023** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CYCLONE

અરબી સમુદ્રમાં ઉભું થયેલું બીપોરજોય ચક્રવાતી વાવાઝોડું ગઇકાલે મધરાતે ગોવાથી પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમે 870 કિલોમીટર તેમજ પોરબંદરથી દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમ દિશાએ 970 કિલોમીટર અંતરે પહોંચ્યું છે. સાત કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આગળ વધી રહેલું આ ચક્રવાતી વાવાઝોડું આગામી ત્રણ દિવસમાં ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ આગળ વધે તેવી સંભાવના છે. વાવાઝોડાની દિશા અને ગતિને ધ્યાનમાં લઇને ગુજરાતમાં તમામ બંદરો ઉપર બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

દરમિયાન હવામાન વિભાગે 10 થી 12મી જૂન દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારા વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે હળવો થી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. એવી જ રીતે આ સમયગાળામાં પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની અને અને કયારેક તે વધીને 50 કિલોમીટર પ્રતિકલાક થવાની સંભાવના દર્શાવી છે.

---------------------------------

## cyclone

વલસાડ જિલ્લામાં વાવાઝોડાની ભીતિથી કાઠાંના 28 ગામોને એલર્ટ કરાયા છે. માછીમારોને દરિયો નહિ ખેડવા જિલ્લા વહીવટી તંત્ર અને મત્સ્ય વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે. કચ્છ જીલ્લામાં વાવાઝોડાની પરિસ્થિતિને

પહોંચી વળવા તંત્ર દ્વારા સલામતીના અનેક પગલાં લેવાઇ રહ્યા છે, જીલ્લા કલેકટર અમિત અરોરાએ આ મુજબ માહિતી આપી.

--------------------------------

## VADNAGAR- G. KISHAN REDDY

કેન્દ્રિય પ્રવાસન મંત્રી જી.કિશન રેડ્ડીએ કહ્યું છે કે, મથુરા, ઉજ્જૈન, પટના અને વારાણસી જેવા જીવંત પ્રાચીન નગરોની શ્રેણીમાં હવે વડનગરની પણ ગણના થશે. મહેસાણા જીલ્લામાં તાના-રીરી ગાર્ડન ખાતે વડનગરની ડોક્યુમેન્ટરી પર યોજાયેલા કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી રેડ્ડીએ કહ્યું કે, પ્રવાસન વિભાગે આ નગરના મહત્વપુર્ણ ઇતિહાસને ઉજાગર કરવામાં પ્રેરણાદાયી કામ કર્યું છે. વડનગરના ઇતિહાસને પ્રસ્તુત કરતાં સ્ટેટ ઓફ આર્ટ ઓર્કિયોલોજીકલ એક્સપીરીયન્સ મ્યુઝિયમ તેમજ તાના-રીરીના સન્માન માટે તાના-રીરી મ્યુઝીયમનું નિર્માણકાર્ય થઇ રહ્યું છે. આ તકે, પ્રવાસનમંત્રી મુળુભાઇ બેરાએ જણાવ્યું હતું કે, વડનગરમાં ૩૬૦ વાવો અને મંદિરો વગેરે આવેલા છે.. આ નગરનો પોતાનો અલગ જ ઇતિહાસ છે. આ કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ શારદાબેન પટેલ, જિલ્લા કલેકટર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

--------------------------------

## MSP KHARIP

કેન્દ્ર સરકારે વર્ષ 2023-24માં ખરીફ પાકોની ખરીદી માટે ગત વર્ષની સરખામણીએ ટેકાના ભાવોમાં પ્રતિ ક્વિન્ટલે 143 થી 805 રૂપિયાનો વધારો કર્યો છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય રોકડીયા પાક મગફળીના ટેકાના ભાવમાં પ્રતિ કિવન્ટલે 527 રૂપિયાનો અને કપાસમાં 640 રૂપિયાનો વધારો કરાયો છે.

ગુજરાતમાં ખરીફ પાકોના વાવેતર પહેલા ટેકાના ભાવો જાહેર થતા ખેડૂતો પોતાના પાકને મળનાર ભાવોને ધ્યાનમાં લઇને વાવેતર કરી શકાશે. શ્રી પટેલે ટેકાના ભાવોની જાહેરાત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા કેન્દ્રિય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરનો આભાર વ્યક્ત કર્યો હતો. એવી જ રીતે કેન્દ્ર સરકારે ડાંગરના ટેકાના ભાવમાં પ્રતિ કિવન્ટલે બે હજાર 183 રૂપિયા, જુવારમાં 3 હજાર 180 બાજરીના ભાવમાં અઢી હજાર, મકાઇમાં બે હજાર 90, તુવેરમાં સાત હજાર રૂપિયા, મગમાં 8 હજાર, 635, અડદમાં 6 હજાર 950 અને તલના ટેકાના ભાવમાં પ્રતિ કિવન્ટલે 8 હજાર 635 રૂપિયાનો વધારો જાહેર કર્યો હતો.

-----------------------

# RBI

ભારતીય રીઝર્વ બેન્કે આજે જાહેર કરેલી નવી દ્વિમાસિક નાણાં નીતિમાં વ્યાજદરો યથાવત રાખ્યા છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, નાણાં નીતિની સમિતિની બેઠકમાં રેપોરેટ 6.5 ટકા યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

એવી જ રીતે સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી – એસડીએફ રેટ 6.25 ટકા અને બેન્ક રેટ 6.75 ટકા રહેશે. શ્રી દાસે કહ્યું કે, એક અંદાજ મુજબ વર્ષ 2023-2024માં ફુગાવાનો દર ચાર ટકાથી વધુ રહેવાની સંભાવના છે.

-----------------------

# G20 EDUCATION PORBANDAR

કેન્દ્રિય વિદ્યાલય- પોરબંદર ખાતે આવતીકાલે નવમી જૂને જી20 અંતર્ગત શિક્ષણ કાર્યકારી જૂથની બેઠક યોજાશે. આ કાર્યકારી જૂથની બેઠકમાં નિષ્ણાંતો દ્વારા નવી શિક્ષણ નિતીના પાયાના સાહિત્ય અને સંલગ્ન બાબતો અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાશે. પોરબંદર જીલ્લાની શાળાઓને પણ તેમાં જોડવામાં આવશે.

-----------------------

# SPECIAL OLYMPICS

જર્મનીના બર્લિનમાં યોજાનાર સ્પેશિયલ ઓલ્મિપક સ્પર્ધા માટે હિંમતનગરના તન્વીર હુસેનની પસંદગી થઇ છે. આગામી 17 જૂનથી 25 જૂન દરમિયાન યોજાનાર આ સ્પેશ્યલ ઓલ્મિપક સમર ગેમ્સમાં ભારતના 202 રમતવીરો ભાગ લઇ રહ્યા છ. આ રમતોત્સવમાં ગુજરાતના 14 રમતવીરો ભાગ લેશે, જેમાં તન્વીરની ફૂટસાલ ગેમમાં ભારતીય ટીમમાં પસંદગી થઇ છે. મનોદિવ્યાંગ તન્વીર આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું ગૌરવ વધારવા જઇ રહ્યો છે. તે

અંગે હિંમતનગરના ધારાસભ્ય સહિત મહાનુભાવોએ આનંદ વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી છે.